सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૬/૧૦/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૬/૧૦/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૧૬/૦૩/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦ – ૦૫ – ૧૦ |

**જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશનરશ્રી સમક્ષ, જામનગર.**

**વ.કો. પરચુરણ અરજી નં.૩૪/૨૦૨૫**

**આંક :–૦૯**

અરજદાર : કેતન જગદીશભાઈ નંદા

રે. ''ચામુંડા કૃપા'', શંકર ટેકરી, નવી નિશાળ,

શંકર ભગવાનના મંદિર પાસે, જામનગર.

**વિરુધ્ધ**

સામાવાળા :– શ્રી ક્રિષ્ના પ્રોડકટસ,

૪૯, મેઈન રોડ, માસ્તર પાનવાળી શેરી,

રમેશ કેનરીની પાછળ,

શંકરટેકરી ઉધ્ધોગનગર, જામનગર.

---

**વિષય:– કામદાર વળતર ધારાની કલમ–૩૧ મુજબની વસુલાત અરજી.**

---

અરજદાર તર્ફે : વિ.વકીલ શ્રી જે.ડી.પરમાર.

સામાવાળા તર્ફે : વિ.વકીલ શ્રી એ.બી.મકવાણા

---

**-:: હુ ક મ ::-**

અરજદારની અરજીની ટુંકી હકીકત નીચે મુજબ છે.

(૧) આ કામના અરજદાર ધ્વારા સામાવાળા પાસે વળતર મેળવવા માટે નામદાર કમિશ્નરશ્રી સમક્ષ વ.કો.નોન ફેટલ કેસ નં.૦૫/૨૦૨૩ દાખલ કરેલો હતો. તે કામે નામદાર વ.કો.કમીશ્નરશ્રી ધ્વારા તા.૧૧/૦૪/૨૦૨૫ ના હુકમથી અરજદારની અરજી મંજુર કરવામાં આવેલ. જે મુજબ અરજદાર આ કામના સામાવાળા પાસેથી વળતરની રકમ રૂા.૧,૪૦,૦૦૦/-, પેનલ્ટીની રકમ રૂા.૧૦,૦૦૦/- તથા અકસ્માત તારીખથી વસુલ થતા સુધી ૧૨ ટકા વ્યાજની રકમ તથા ખર્ચ ની ૫,૦૦૦/- સામાવાળા પાસેથી મેળવવા માંગણી કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત હુકમ અન્વયે સામાવાળા ધ્વારા આજદિન સુધી કોઈ જ રકમ અરજદારને ચુકવવામાં આવેલ નથી તથા આ કામે નામદાર ઉચ્ચ અદાલતમાં કોઈ અપીલ થયાની પણ અરજદારને જાણ થયેલ નથી. તેથી અરજદાર ધ્વારા હાલની વસુલાત અરજી મુજબ હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને આંક-૫ ની નોટીસ બજી ગયેલ હોવા છતાં કોર્ટ રૂબરૂ હાજર રહી જવાબ રજુ નહી કરતાં આથી અરજદારના વિ.વકીલશ્રીએ આંક-૧૧ થી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવા અંગેની અરજી આપેલ સદર અરજી હુકમ કરી અરજી મંજુર કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે હાલની અરજી કરી વ.કો.નોન ફેટલ કેસ નં.૦૫/૨૦૨૩ માં હાલની અરજીમાં જણાવ્યા મુજબની રકમ સામાવાળા ધ્વારા આજદીન સુધી ચુકવવામાં આવેલ નથી. તેમજ સામાવાળા ધ્વારા

આજદિન સુધી અપીલની પણ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું અરજદારની જાણમાં નથી તેવું સોગંદનામું આંક ૧૨ થી રજુ કરેલ છે.

(૫) આ કામે સામાવાળા તરફે કોઈ હાજર નથી. આ કામે અરજદાર ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈએ દલીલ કરવાની દરકાર લીધેલ નથી.

(૬) આ કામે અરજદાર તર્ફે તેમના વિ.વકીલશ્રીએ અરજદારની અરજ લગત રજુઆત કરી જણાવેલ છે કે, આ કામના સામાવાળા પાસેથી વળતર ની રકમ રૂા.૧,૪૦,૦૦૦/-, પેનલ્ટીની રકમ રૂા.૧૦,૦૦૦/- તથા અકસ્માત તારીખથી વસુલ થતા સુધી ૧૨ ટકા વ્યાજની રકમ તથા ખર્ચ ની ૫,૦૦૦/- ભરપાઈ કરવા જવાબદાર છે. જે રકમ સામાવાળાએ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી કે આ કામના સામાવાળાએ અરજીની હકીકતોને પડકારેલ નથી જેથી અરજદારની લેણી નીકળતી રકમનુ વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલી છે.

(૭) આ કામે અરજદારે અત્રેની અરજીના સામાવાળા વિરુધ્ધ નામદાર કમિશ્નરશ્રી સમક્ષ વ.કો.નોન ફેટલ કેસ નં.૦૫/૨૦૨૩ દાખલ કરેલો હતો. તે કામે નામદાર વ.કો.કમીશ્નરશ્રી ધ્વારા તા.૧૧/૦૪/૨૦૨૫ ના હુકમથી અરજદારની અરજી મંજુર કરવામાં આવેલ. જે મુજબ અરજદાર આ કામના સામાવાળા પાસેથી વળતરની રકમ રૂા.૧,૪૦,૦૦૦/-, પેનલ્ટીની રકમ રૂા.૧૦,૦૦૦/- તથા અકસ્માત તારીખથી વસુલ થતા સુધી ૧૨ ટકા વ્યાજની રકમ તથા ખર્ચ ની ૫,૦૦૦/- નામદાર કમિશ્નરશ્રીના હુકમ મુજબની રકમ અરજદારને ચૂકવેલ નથી.

(૮) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, સામાવાળા ધ્વારા હુકમ મુજબ વળતરની રકમ જમા કરાવવામાં આવી નથી. સદરહું કામે કોઈ અપીલ

થયેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી સામાવાળા બાકી રહેલી રકમ, તેના પરનુ વ્યાજ તથા પેનલ્ટીની રકમ અત્રેની કોર્ટ સમક્ષ જમા કરાવવા માટે જવાબદાર થયેલરૂ.૧,૪૦,૦૦૦/- હોવા છતાં રકમ જમા કરાવેલી નથી. સદરહુ રજુઆત ધ્યાને લેતાં અરજદાર વળતરની રકમ રૂા.૧,૪૦,૦૦૦ તથા પેનલ્ટીની રકમ રૂા.૧૦,૦૦૦/- તથા અકસ્માત તારીખ ૧૬/૧૧/ ૨૦૨૨ થી આજરોજ હુકમ તારીખ સુધીના ૪૦ માસના ૧૨ ટકા વ્યાજની રકમ રૂા.૫૬૦૦૦/- તથા ખર્ચ ની ૫,૦૦૦/- એમ મળી કુલ રૂા.૨,૧૧,૦૦૦/ નું રેવન્યુ રાહે વસુલાત સર્ટીફીકેટ કાઢવાનો હુકમ કરવો યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાય છે, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા વિરૂધ્ધ ઉપરોકત જણાવ્યા મુજબ વળતરની રકમ રૂા.૨,૧૧,૦૦૦/- રકમનુ રેવન્યુ રાહે રીકવરી વસુલાત સર્ટીફીકેટ કલેકટરશ્રી, જામનગર તરફનું ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. કલેકટરશ્રી, જામનગરનાએ આ હુકમની યાદી મળ્યેથી ત્રણ માસમાં સદર રકમ વસુલ લઈ અત્રેની અદાલતમાં જમા કરાવવી અન્યથા વિગતવારનો રીપોર્ટ કરવો.

હુકમ આજરોજ તા.૧૬ થી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
આઈ.ડી.નં.જીજે-૦૧૨૯૮